# માનવ/ પશુ સંચાલિત ઓજારો/ સાધનોને ખાતાની સહાય યોજનાઓ હેઠળ વિતરણ કરવા માન્યતા મેળવવા બાબત

આથી કૃષિ ખેત ઓજારોના ઉત્પાદકોને જણાવવાનું કે, રાજયના ખેડુતોને ગુણવત્તાયુકત ઓજારો/ સાધનો વિતરણ થાય, તે માટે માનવ/ પશુ સંચાલિત ઓજારો/ સાધનો પણ ભારત સરકારશ્રીએ માન્ય કરેલ ટેસ્ટ સેન્ટર દ્વારા ટેસ્ટ થયેલ હોય, તેવા સાધનોના ટેસ્ટીંગ રીપોર્ટને આધારે ઓજાર/ સાધન તથા ઉત્પાદકને ખાતાની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ માન્યતા આપી માન્યતાના આધારે કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની વિવિધ સહાય યોજનાઓ હેઠળ વિતરણ કરવા માટે નીચે મુજબના ત્રણ સાધનોનો સમાવેશ કરવા નિર્ણય લેવામાં આવેલ છે.

| અ. નં. | ઓજાર/ સાધનનું નામ | પાવર સોર્સ |
|---|---|---|
| ૧ | વ્હીલ હો | માનવ સંચાલીત |
| ૨ | માનવ સંચાલીત સાઈથ (કાપણીનુ સાધન) | માનવ સંચાલીત |
| 3 | મલ્ટી પરપઝ સાંતી (ઈમ્પલીમેન્ટ) વાવણીયા સાથે | પશુ સંચાલીત |

જે મુજબ સદરહુ સાધનોને સહાય યોજનાઓમાં વિતરણ કરવા માન્યતા મેળવવા માટેનું ફોર્મ ભરી જરૂરી આધાર-પુરાવા સહ ખેતી નિયામકશ્રીની કચેરી, સેકટર-૧૦/એ, ચ રોડ, કૃષિભવન, ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે. માન્યતા મેળવવા માટેનું ફોર્મ https://dag.gujarat.gov.in પર  ઉપલબધ છે.